॥ શ્રી મહાવીરાય નમઃ॥

# શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

સંચાલિત

# માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ

**Website :** www.jainshikshan.org **E mail :** jainshikshanboard@gmail.com

---

**૮ જાન્યુઆરી ૨૦૨૩ – મહિલા મંડળ શ્રેણી – ૫ કુલ ગુણ : ૧૦૦**

**સૂચના : ૧) જે પ્રમાણે સવાલ પૂછ્યા હોય તે જ પ્રમાણે જવાબ લખવા. વાર્તા કે થોકડાના લાંબા જવાબ લખવા નહિ.**
**૨) આપના જવાબ પેપરમાં આપે ઓપન બુક આપી છે કે રેગ્યુલર તે ખાસ લખજો. જેમણે નહીં લખ્યું હોય તેમનો નંબર આવશે તો પણ નંબર આપવામાં નહીં આવે.**

---

(૩૦)

**પ્ર.૧ (અ) નીચેના પાઠની પૂર્તિ કરો. (૧૦)**

૧. સલ્લેહિં ...... તિહિં ગારવેહિં ૨. મિત્તી ...... કેણઈ ૩. ફાસાફુસંતુ ...... ત્તિ કટ્ટુ
૪. પૂર્વાદિક ...... રાખી છે ૫. પરિચટ્ટણાએ ...... છીએ

**(આ) નીચેના શબ્દોના અર્થ લખો. (૫)**

૧. ધમ્મો મંગલ ૨. નગર નિદ્ધમણેસ ૩. મણામં ૪. માયામોસો ૫. પૂએસુ વા
૬. સાવજ્જ ૭. પ્રાણાતિપાત ૮. અજ્ઞાન મિથ્યાત્વ ૯. ફાસુય ૧૦. વિસાસિયં

**(ઇ) નીચેના શબ્દોના મૂળ પાઠ લખો. (૫)**

૧. પાથરીને ૨. અસત્ય ૩. અંગીકાર કરું છું ૪. યથાશક્તિ પ્રમાણે
૫. પૃથ્વીના પેટ ફોડવાના ધંધા કર્યા હોય

**(ઈ) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૮)**

૧. સંથારો કયા આસને બેસીને કોને નમસ્કાર કરવાના છે? (૨)
૨. સંથારાની આરાધના કયા તિર્યંચે કરી હતી? માત્ર નામ લખો. (૧×૬)
૩. સંમૂર્ચ્છિમ જીવોમાં કયા જીવ આવે?
૪. સિદ્ધનું શરણું લેવા શું કરવું જોઈએ
૫. લોભ એટલે શું?
૬. જીવને અજીવ શ્રદ્ધે તે મિથ્યાત્વ કઈ રીતે લાગે?
૭. દેવ, ગુરુ, ધર્મનો સમાવેશ કયા પાઠમાં આવે છે? તે પાઠનો નંબર કયો છે?

**(ઉ) નીચેનામાં સંમૂર્ચ્છિમ મનુષ્ય ઉત્પન્ન થાય કે નહિ? (૨)**

૧. સાધ્વીજીનો મૃતદેહ ૨. બિલાડીની વિષ્ટા ૩. ઘા વાગે તેમાંથી પરુ નીકળે ૪. મહાવિદેહના મનુ.નું થૂંક

(૫૦)

**પ્ર.૨ (અ) છ આરાના આધારે લખો. (૨૦)**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૫)**

૧. અવસર્પિણી ઉત્સર્પિણીનો બીજો આરો કેટલા સમયનો? કેટલા સમયે આહારની ઈચ્છા થાય? તેમની ગતિ, પાંસળી, સંઘયણ લખો. (૫)
૨. ઉત્સર્પિણી કાળમાં અને એક કાળચક્રમાં ધર્મકાળ કેટલો? (૨×૫)
૩. પાંચમા આરાના ૪ થી ૭ લક્ષણો લખો.
૪. અવસર્પિણી કાળના ચોથા આરાની અવગાહના, ધરતીની સરસાઈ, સંઘયણ, આયુષ્ય લખો.

૫. ઋષભદેવ ભગવાને કેટલા વર્ષનો સંયમ પાળ્યો? કેટલા સાધુઓ સાથે ક્યાંથી મોક્ષે ગયા?

૬. ઉત્સર્પિણીના ત્રીજા આરામાં તીર્થંકર ક્યારે થશે? તે કોણ હશે? તેમનું આયુષ્ય કેટલું? બીજું કોણ થશે?

**(૨) ખાલી જગ્યા પૂરો.** **(૫)**

૧. અવસર્પિણીના છટ્ઠા આરાની ગતિ પ્રાયઃ ...... અને ...... હશે.

૨. ૧૪ મા કુલકર ...... અને ૧૫ મા કુલકર ...... થયા.

૩. ચોથા આરામાં ....... મોક્ષે પધાર્યા પછી ....... વર્ષ કેવળજ્ઞાન રહ્યું.

૪. અવસર્પિણીના પાંચમા આરાના છેડે ....... સૂત્રના ....... અધ્યયન રહેશે.

૫. ...... માં ચોથા આરા જેવા ભાવ ...... વર્તે છે.

**(આ) કર્મપ્રકૃતિના આધારે લખો.** **(૨૫)**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૨૧)**

૧. મોહનીય કર્મના બંધના કારણ લખી, ચારિત્ર મોહનીયની પ્રકૃતિ કેટલી? તે લખી નો કષાય ચારિત્ર મોહનીયની પ્રકૃતિના માત્ર નામ લખો. (૬)

૨. **વ્યાખ્યા લખો.** સાધારણ નામ, વિપાકોદય, ચક્ષુ દર્શનાવરણીય, પરટિપ્પણયાએ, અંગોપાંગ. (૫)

૩. જૈનદર્શનમાં કર્મને સમજાવનારી ક્યા સૂત્રમાં કઈ વાત છે? (૨×૫)

૪. દેવ આયુષ્ય બંધના કારણો અને ગોત્ર કર્મની સ્થિતિ અને અબાધાકાળ લખો.

૫. પ્રત્યેક પ્રકૃતિ કેટલી? તેના માત્ર નામ લખો. ક્યા કર્મમાં આવે છે? તે કર્મ કેટલામું? શા માટે?

૬. શાતા વેદનીય કર્મ કેટલા પ્રકારે બાંધે? માત્ર સંખ્યા લખો. અંતરાય કર્મ ભોગવવાના માત્ર નામ લખો.

૭. જ્ઞાનાવરણીય કર્મ દશ પ્રકારે ભોગવે તે દશ પ્રકારના માત્ર નામ લખો.

**(૨) ક્યા કર્મની કઈ પ્રકૃતિ છે?** **(૪)**

૧. મનને ન ગમતા રસ મળે    ૨. અગુરુલઘુ ગુણ    ૩. બેઠા બેઠા ઊંઘે    ૪. મંદ સ્વર

**(ઇ) સાધુ–સાધ્વીને ગોચરી વહોરાવવાને આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૫)**

૧. ગોચરીના સમયે શું શું કરવું જોઈએ? (૨×૨)

૨. **સાધુ–સાધ્વીને વહોરાવાય કે નહિ?** નૈવેદ્યની વસ્તુ, ફણસીનું કચુંબર, કાપડ, બદામ

૩. ક્રીતકૃત એટલે શું? (૧)

(૧૦)

**પ્ર.૩ વાર્તાના આધારે ....**

**(૧) નીચેના પ્રશ્નોના બે થી ત્રણ લીટીમાં જવાબ લખો.** **(૬)**

૧. રાજ્ય વ્યવસ્થા સાચવવા રાજા ઋષભે કોની નિમણૂંક કરી? પ્રભુએ પ્રથમ શિલ્પ કયું શીખવ્યું? કેવી રીતે?

૨. શ્રાવકધર્મ ધારણ કર્યા પછી કામદેવ કેવી રીતે જીવન પસાર કરતા હતા?

૩. દ્રહ કેવું હતું? તેમાં કોણ રહેતું હતું?

**(૨) કોણ બોલે છે અને કોને કહે છે?** **(૪)**

૧. બંને શિયાળયા ચાલ્યા ગયા છે.    ૨. નિર્ગ્રંથ પ્રવચનના જાણકાર છો.

૩. ધર્મતીર્થનો ફેલાવો કરીને પરમ સુખનો માર્ગ ખોલો.    ૪. તારા જીવનની અંતિમ ક્ષણ આવી ગઈ છે.

(૧૦)

**પ્ર.૪ નીચેના કાવ્યની પૂર્તિ કરો.**

૧. કેવલી ........ ખોડ.    ૨. વળી રાય ......... ઘણાને સાજ.    ૩. ધર્મઘોષ ......... ભવ પાર.

૪. જાદવકુળ ......... વાણ.    ૫. ચારિત્ર ......... ચોડ.

**જય – જિનેન્દ્ર**